# ઉંઝામાં નકલી જીરૂ બનાવતી ફેક્ટરીઓ

* ૧૫/૩/૪૩૪ ડૉ.સી.જે.ચાવડા (વિજાપુર) : માનનીય મંત્રીશ્રી(આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે:-

| પ્રશ્ન | | જવાબ | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૦૭/૨૩ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉંઝામાં નકલી જીરૂ બનાવતી કેટલી અને કઇ ફેક્ટરીઓ ફુડ એન્ડ ડ્રગ્ઝ ખાતા દ્વારા પકડવામાં આવી, | (૧) | કુલ-૦૩<br>(૧) જયકુમાર દશરથભાઇ પટેલનું ગોડાઉન<br>(૨) પટેલ ધર્મેશભાઇ અંબાલાલની ફેક્ટરી<br>(૩) સુજીતકુમાર ઇશ્વરલાલ પટેલ |
| (૨) | ઉક્ત ફેક્ટરીઓ ક્યારથી કાર્યરત હતી, અને | (૨) | ઉક્ત તમામ ફેક્ટરીઓ ફુડ પરવાનો ધરાવતી નથી. તેથી ચોક્કસ સમયગાળો કહી ના શકાય. |
| (૩) | ઉક્ત નકલી જીરૂ બનાવતી ફેક્ટરીઓ ચલાવતા કેટલા ઇસમો વિરુધ્ધ શા પગલાં લેવામાં આવ્યા? | (૩) | અનુક્રમ નંબર ૧ અને ૨ ની પેઢીનાં એક-એક ઇસમો અને અનુક્રમ-૩ ની પેઢીનાં ૨(બે) ઈસમો એમ કુલ-૦૪ ઇસમો વિરુધ્ધ ક્રિમિનલ કેસ બનતો હોય, નામ.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટ-ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે. |

---

ગૃહમાં જવાબ આપવાની તારીખ: ૧૪-૦૯-૨૦૨૩

ક્રમાંક:વસપ-૧૦-૨૦૨૩-તા.પ્ર.-૨-ઝ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ
સચિવાલય, ગાંધીનગર.
તા.

પ્રતિ,
સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, વિઠ્ઠલભાઇ પટેલ ભવન, ગાંધીનગર તરફ તેઓના તા.૨૪-૦૮-૨૦૨૨૩ ના પત્ર ક્રમાંક: પ્ર-૩/૧૦૧૯૮ ના અનુસંધાને ચાર નકલો સહિત.

(સ્નેહલ ભાપકર,IAS)
નાયબ સચિવ
આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

નકલ રવાના:-

- સેકશન અધિકારીશ્રી, ખ-શાખા, આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઈલ

**તારાંકિત પ્રશ્ન ક્રમાંક:-૧૫/૩/૪૩૪**

**અગ્રતા ક્રમ: ૧૯**

**માનનીય ધારાસભ્યશ્રીનું નામ:- ડૉ.સી.જે.ચાવડા (વિજાપુર)**

## પુરક માહિતી

ફુડ સેફ્ટી અને સ્ટાન્ડર્ડસ એક્ટ-૨૦૦૬ હેઠળ રેગ્યુલર રાજ્યના ફુડ સેફ્ટી ઓફિસર્સ દ્વારા ખાદ્ય ચીજનું ઉત્પાદન, વેચાણ અને સંગ્રહ કરતી પેઢીઓમાં સર્વેલન્સની કામગીરી કરવામાં આવે છે તથા તપાસ દરમિયાન નમૂનાઓ લેવામાં આવે છે જે રાજ્યની પ્રયોગશાળા ખાતે ફુડ એનાલિસ્ટને પૃથક્કરણ અર્થે મોકલવામાં આવે છે અને પૃથક્કરણ અહેવાલમાં આ નમૂનાઓ કાયદામાં નિયત કરેલ જોગવાઇ મુજબ માલૂમ ન પડે તો તે અંગે સદર ધારા હેઠળ ફુડ બિઝનેસ ઓપરેટર તથા પેઢી સામે કાયદાકીય પગલા લેવામાં આવે છે. જેમાં દંડ તથા કેદની સજા કરવામાં આવે છે.

કમિશનર ઓફ ફુડ સેફ્ટી વતી,
ખોરાક અને ઔષધ નિયમ તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર

| અ.નં | પેઢીનું નામ & સરનામુ | નમુનો લીધા તારીખ | નમુનાનું નામ | નમુના નંબર | પરીણામ | સીઝ કરેલ જથ્થો | સીઝ કરેલ જથ્થાની કિંમત | ફેક્ટરી ક્યારથી કાર્યરત હતી | શું કાર્યવાહી કરવામાં આવી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | જયકુમાર દશરથભાઇ પટેલનું ગોડાઉન, મંગલમુર્તિ ગોડાઉન, મુ.તા.ઉંઝા (માલિક- જયકુમાર દશરથભાઈ પટેલ) | ૧૮/૦૩/૦૨૩ | જીરૂ (લુઝ) | ૨૩/૨૩ | અનસેફ તથા સબસ્ટાન્ડર્ડ | ૩૩૬૦ કિગ્રા | ૫,૦૪,૦૦૦/- | ફેક્ટરીએ ફુડ પરવાના મેળવેલ નથી | **ક્રિમિનલ કોર્ટ કેસ બનતો હોય ઇસમો વિરૂધ્ધ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે** |
| ૨ | પટેલ ધર્મેન્દ્રભાઇ અંબાલાલની ફેક્ટરી, એમ.એમ.એસ્ટેટ, મુ.મક્તુપુર, તા.ઉંઝા (માલિક- પટેલ ધર્મેન્દ્રભાઇ અંબાલાલ) | ૦૨/૦૨/૦૨૩ | જીરૂ (લુઝ) | ૦૬/૨૩ | અનસેફ | ૫૪૦ કિગ્રા | ૪૮,૬૦૦/- | ફેક્ટરીએ ફુડ પરવાના મેળવેલ નથી | **ક્રિમિનલ કોર્ટ કેસ બનતો હોય ઇસમો વિરૂધ્ધ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે** |
| | | | વરીયાળી (લુઝ) (એડલટ્રન્ટ) | ૦૭/૨૩ | એડલટ્રન્ટ | ૭૬૦ કિગ્રા | ૩૮,૦૦૦/- | | |
| | | | બ્લેક પાવડર (લુઝ) (એડલટ્રન્ટ) | ૦૮/૨૩ | એડલટ્રન્ટ | ---- | ----- | | |
| | | | બ્રાઉન પાવડર (એડલટ્રન્ટ) (લુઝ) | ૦૯/૨૩ | એડલટ્રન્ટ | ૩૦ કિગ્રા | ૯૦/- | | |
| | | | ગોળની રસી (એડલટ્રન્ટ) (લુઝ) | ૧૦/૨૩ | એડલટ્રન્ટ | ૫૦૦ કિગ્રા | ૭૫૦૦/- | | |
| | | | વરીયાળી (લુઝ) | ૧૧/૨૩ | પાસ | ૧૬૦ કિગ્રા | ૧૨,૮૦૦/- | | |
| ૩ | સુજીતકુમાર ઇશ્વરલાલ પટેલની, પાટણ-ઉંઝા હાઇવે, મુ.સુણોક, તા.ઉંઝા (૧) (નમુનો આપનાર – ચેતનકુમાર પ્રમોદભાઇ દરજી) (૨) (પેઢી માલિક - | ૧૭/૦૫/૦૨૩ | જીરૂ (લુઝ) | ૫૮/૨૩ | અનસેફ તથા સબસ્ટાન્ડર્ડ | ૨૪૮ કિગ્રા | ૧૭૩૬૦/- | ફેક્ટરીએ ફુડ પરવાના મેળવેલ નથી | **ક્રિમિનલ કોર્ટ કેસ બનતો હોય ઇસમો વિરૂધ્ધ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે** |
| | | | જીરૂ (લુઝ) | ૫૯/૨૩ | અનસેફ તથા સબસ્ટાન્ડર્ડ | --- | ---- | | |
| | | | જીરૂ (લુઝ) | ૪૬/૨૩ | અનસેફ તથા સબસ્ટાન્ડર્ડ | ૧૫૯૯૮ કિગ્રા | ૧૧,૧૯,૮૧૦/- | | |
| | | | મિક્ષ પાવડર | ૪૭/૨૩ | એડલટ્રન્ટ | ૩૧૯૮ કિગ્રા | ૯૫૯૪/- | | --- |

| અ.નં | પેઢીનું નામ & સરનામુ | નમુનો લીધા તારીખ | નમુનાનું નામ | નમુના નંબર | પરીણામ | સીઝ કરેલ જથ્થો | સીઝ કરેલ જથ્થાની કિંમત | ફેક્ટરી ક્યારથી કાર્યરત હતી | શું કાર્યવાહી કરવામાં આવી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | સુજીતકુમાર ઇશ્વરલાલ પટેલ) | | (એડલટ્રન્ટ) (લુઝ) | | | | | | |
| | | | ગોળની રસી (એડલટ્રન્ટ) (લુઝ) | ૪૮/૨૩ | એડલટ્રન્ટ | ૧૩૯૮ લીટર | ૫૫૯૨/- | | ---- |
| | | | જીરૂ (લુઝ) | ૪૯/૨૩ | અનસેફ તથા સબસ્ટાન્ડર્ડ | ૩૭૪૮ કિગ્રા | ૨,૬૨,૩૬૦/- | | **ક્રિમિનલ કોર્ટ કેસ બનતો હોય ઇસમો વિરૂધ્ધ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ કોર્ટ ઉંઝા ખાતે કેસ દાખલ કરવાની પ્રક્રિયા ચાલુ છે** |
| | | | વરીયાળી (લુઝ) | ૫૦/૨૩ | પાસ | ૧૩૯૮ કિગ્રા | ૫,૫૫,૯૨૦/- | | **નમુનો પાસ (conform) થયેલ હોવાથી જથ્થો છુટો કરેલ છે.** |

કમિશનર ઓફ ફુડ સેફ્ટી વતી,
ખોરાક અને ઔષધ નિયમન તંત્ર,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૩/૪૩૪

અગ્રતા ક્રમ :- ૧૯

માનનીય ધારાસભ્યશ્રીનું નામ :- ડૉ.સી.જે.ચાવડા (વિજાપુર)

પ્રશ્ન : ૧- નકલી જીરું બનાવનાર ઇસમો સામે સરકાર દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે?

જવાબ : ૧- નમૂનો સબસ્ટાન્ડર્ડ જાહેર થયે થી એડ્જ્યુડીકેટીંગ ઓફીસર અને અધિક નિવાસી કલેક્ટર શ્રીની કોર્ટ માં કેસ દાખલ કરવામાં આવે છે જેમાં જવાબદારો સામે દંડ ની કાર્યવાહી કરવામાં આવે છે. નમૂનો અનસેફ જાહેર થયેથી નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવે છે જેમાં જવાબદારો સામે સજા અને દંડ ની કાર્યવાહી કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૩/૪૩૪

અગ્રતા ક્રમ :- ૧૯

માનનીય ધારાસભ્યશ્રીનું નામ :- ડો.સી.જે.ચાવડા (વિજાપુર)

પ્રશ્ન :૨- જીરુંમાં સામાન્ય રીતે કઈ કઈ પ્રકારની ભેળસેળ માલુમ પડે છે?

જવાબ : ૨- જીરું માં સામાન્ય રીતે ઝીણી વરિયાળી, વરિયાળી નું ભૂસું, ગોળની રસી, કોટીંગ માટેનો પાઉડર, કલર, કોલસાની ભૂકી વગેરે જાતના પદાર્થોના ભેળસેળ જોવા મળે છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૩/૪૩૪

અગ્રતા ક્રમ :- ૧૯

માનનીય ધારાસભ્યશ્રીનું નામ :- ડો.સી.જે.ચાવડા (વિજાપુર)

પ્રશ્ન : ૩- સામાન્ય પ્રજા માટે નકલી જીરું ને ઓળખવા માટે કઈ પ્રાથમિક પદ્ધતિઓ છે?

જવાબ : ૩- ૧) નકલી જીરું ને પાણી માં નાખી ને હલાવતા તેના બધા જ ઘટકો છુટા પડી જાય છે,

૨) જીરુને હથેળી માં લઇ મસળતા જો હથેળી કાળી થાય તો તે જીરુમાં કલરવાળી ગ્રાસ સીડ સાથે કોલસાના ભુકાની ભેળસેળ હોવાનું દર્શાવે છે.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૩/૪૩૪

અગ્રતા ક્રમ :- ૧૯

માનનીય ધારાસભ્યશ્રીનું નામ :- ડો.સી.જે.ચાવડા (વિજાપુર)

પ્રશ્ન : ૪- છેલ્લા ૧ વર્ષમાં રાજ્યમાં નકલી જીરૂ બનાવતી કેટલી ફેક્ટરીઓ ઉપર રેડ કરવામાં આવી?

જવાબ :૪- કુલ- ૩ ફેક્ટરીઓ ઉપર રેડ કરવામાં આવી.

તારાંકિત પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૩/૪૩૪

અગ્રતા ક્રમ :- ૧૯

માનનીય ધારાસભ્યશ્રીનું નામ :- ડો.સી.જે.ચાવડા (વિજાપુર)

પ્રશ્ન : ૫- આ રેડ દરમિયાન નકલી જીરૂ કે તેની બનાવટમાં વપરાતા અન્ય પદાર્થની કેટલી કિંમતનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો?

જવાબ : ૫- કુલ- ૨૯,૯૪૦ કિ.ગ્રા - અંદાજિત કિંમત- રૂ. ૨૦,૨૫,૭૦૬/-